- રમતગમત,યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ તેમજ કમિશ્નરશ્રી યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ ગાંધીનગરના સંયુકત ઉપક્રમે યોજાતા રાજય કક્ષાના યુવક મહોત્સવમાં

**(૧)લોકગીત સ્પર્ધા :** બામણિયા ઉર્મિલા એ. અને ગ્રુપે વેદાંત ગ્લોબલ સ્કૂલ, મોરબી ખાતે રાજયકક્ષાએ ભાગ લીધો.

**(૨)નિબંધલેખન સ્પર્ધા :** માછી શિવાંગી એસ. નાલંદા ગ્લોબલ સ્કૂલ, મોરબી ખાતે રાજયકક્ષાએ ભાગ લીધો.

- SGFI અંતર્ગત અખિલ ભારતીય રમતોત્સવમાં અંડર – ૧૭ માં વસાવા સાક્ષી મહેશભાઇ (ધો. ૮-બ) એ રાજયકક્ષાએ નડિયાદના સ્પોર્ટસ કોમ્પલેક્ષ ખાતે આયોજિત ૪૦૦ મી. દોડમાં ચોથો ક્રમ મેળવ્યો,જયારે ૮૦૦મી. દોડમાં ભાગ લીધો.
- SGFI અંતર્ગત અખિલ ભારતીય રમતોત્સવમાં અંડર – ૧૪ કેટેગરીમાં વસાવા માહી જગદીશભાઇ (ધો. ૮-બ) એ રાજયકક્ષાએ નડિયાદ મુકામે યોજાયેલ રાજય કક્ષાની ૪૦૦ મી. દોડ સ્પર્ધામાં પાંચમો જયારે ૬૦૦ મી. દોડ સ્પર્ધામાં છઠ્ઠો ક્રમ મેળવ્યો.
- રાજયકક્ષાની ખેલ મહાકુંભ સ્પર્ધા નડિયાદના સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ ખાતે યોજાઈ. જેની અંડર-૧૪ કેટેગરીમાં (ધો. ૮-બ)ની વિદ્યાર્થીની વસાવા માહી જગદીશભાઇએ ૪૦૦ મી. દોડ સ્પર્ધામાં ભાગ લીધો અને ૬૦૦ મી. દોડમાં પાંચમો ક્રમ મેળવી સેમીફાઇનલ સુધી પહોંચી હતી.
- રાજયકક્ષાની ખેલ મહાકુંભમાં અંડર-૧૪ કેટેગરીમાં નડિયાદ ખાતે (ધો. ૭-બ)ની વિદ્યાર્થીની વસાવા શનાયા દિપકભાઇએ ૪૦૦ મી. દોડમાં ભાગ લઇ ચોથો ક્રમ મેળવ્યો અને સેમીફાઇનલ સુધી પહોંચી હતી.
- રાજયકક્ષાની વર્ષ ૨૦૨૪-૨૫ બાળપ્રતિભા શોધ સ્પર્ધા ગાંધીનગર ખાતે યોજવામાં આવેલ હતી જેમાં સર્જનાત્મક કારીગરીમાં ધો. ૪-બ ની વિદ્યાર્થીની વસાવા ભવ્યા એ. પ્રથમ ક્રમે પસંદગી પામ્યા, દોહા-છંદ-ચોપાઇની કૃતિમાં ધો. ૭-અ ની વિદ્યાર્થીની ટેલર દેવશ્રી ધવલભાઇએ તૃતિય ક્રમ હાંસિલ કર્યો, જયારે ધો. ૧-બ ના વિદ્યાર્થી જાદવ કાવ્ય અંકુરભાઇએ લોકવાદ્ય સ્પર્ધામાં ભાગ લીધો.
- રાજયકક્ષાની કલા મહાકુંભ સ્પર્ધામાં ધો. ૪-બની વિદ્યાર્થીની વસાવા ભવ્યા અક્ષયકુમારે સર્જનાત્મક કારીગરીની કૃતિમાં ભાગ લીધો.
- જિલ્લા કક્ષાની ચૌદમી વિવેકાનંદ વિષયક લેખિત કિવઝમાં શાળાના ધો. ૧૧ વિ.પ્ર.ના વિદ્યાર્થી રાજપૂત માનવની પસંદગી થઇ જેમને રામકૃષ્ણ મિશન, રાજકોટ ખાતે રાજયકક્ષાના મંત્રીશ્રીની ઉપસ્થિતિમાં પુરસ્કૃત કરવામાં આવ્યા.

## <u>ઝોન કક્ષાએ</u>

- વિકસિત ગુજરાત-૨૦૪૭ ની થીમ પર GCERT આયોજિત કલા ઉત્સવમાં ધો. ૧૦-બ ની વિદ્યાર્થીની ટંડેલ પ્રિયાંશીએ ભાગ લીધો.
- ગુજરાત રમતગમત અને સાંસ્કૃતિક વિભાગ દ્વારા આયોજિત યુવક મહોત્સવમાં ઝોન કક્ષાએ ધો.૧૧ વિ.પ્ર.ના વિદ્યાર્થીઓએ નિબંધ લેખન સ્પર્ધા, હળવું કંઠય સંગીત, ગિટાર તેમજ ધો. ૧૧ સા.પ્ર.ના વિદ્યાર્થીએ લોકવાદ્ય સ્પર્ધામાં ભાગ લીધો, જે પૈકી નિબંધ લેખન સ્પર્ધામાં શાળાની વિદ્યાર્થીની માછી શિવાંગી એસ. રાજયકક્ષા માટે પસંદગી પામી.
- દક્ષિણ ગુજરાત પ્રદેશ કક્ષા બાળ પ્રતિભા શોધ સ્પર્ધા ૨૦૨૫-૨૬ માં ઝોનકક્ષાએ લોકવાદ્ય સંગીતમાં ધો. ૨-બ નો વિદ્યાર્થી કાવ્ય અંકુર જાદવે પ્રથમ ક્રમ મેળવ્યો, સર્જનાત્મક કારીગરીમાં વિહાન અક્ષયકુમાર વસાવા ધો. ૨-બ દ્વિતીય ક્રમે પસંદગી પામ્યા. જયારે દોહા-છંદ-ચોપાઇની કૃતિમાં ધો. ૮-બ ની વિદ્યાર્થીની ટેલર દેવશ્રી ધવલભાઇ પ્રથમ ક્રમે રહ્યા. જેઓ હવે પછી રાજયકક્ષાની બાળપ્રતિભા શોધ સ્પર્ધામાં ભાગ લેશે.
- દક્ષિણ ગુજરાત પ્રદેશમાં કલામહાકુંભની લગ્ન ગીત સ્પર્ધામાં પ્રાથમિક વિભાગની વિદ્યાર્થીનીઓ પલક રણજીતભાઇ વણકર અને ગ્રૂપ તૃતિય ક્રમ હાંસિલ કરી રૂા. ૨૦૦૦ નો રોકડ પુરસ્કાર મેળવે છે.